<u>*આંક–૪ લગત હુકમ*</u>

(૧) એપેલન્ટના વિ.વકીલશ્રી એસ.ડી.ભોયા તથા રીસ્પોન્ડન્ટ તરફે વિ. એ.જી.પી.શ્રી ને સાંભળ્યા તથા રેકર્ડ વંચાણે લીધુ. હાલના એપેલન્ટ વિરુધ્ધ આ કામના રીસ્પોડન્ટનાઓએ ધી એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ ટાયલ કોર્ટ સમક્ષ દાખલ કરેલ અને તે ફરીયાદની કાર્યવાહી પુર્ણ થતા ટ્રાયલ કોર્ટે આરોપી/એપેલન્ટને દોષીત ઠરાવીને સજાનો હુકમ કરેલ છે અને તે હુકમ વિરુધ્ધ આરોપીએ હાલની અપીલ દાખલ કરેલ છે. આ અપીલના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૪૩૦ હેઠળ એપેલન્ટએ અપીલની કાર્યવાહી દરમ્યાન ટાયલ કોર્ટ કરેલ સજાનો હુકમ મોકુફ રાખવા તથા એપેલન્ટને અપીલની કાર્યવાહી દરમ્યાન જામીન ઉપર છોડવા અરજ ગુજારેલ છે. સદર કામે મુળ ફરીયાદીને નોટીસ કાઢવામાં આવતા મુળ ફરીયાદીને નોટીસ બજી ગયેલ છે અને તેઓ જાતે પોતાના વિ.વ.શ્રી સાથે કોર્ટમાં હાજર થયેલ છે અને તેઓ જણાવે છે કે એપેલેન્ટને જામીનમુક્ત કરવામાં આવે તો વાંધો છે તે મતલબનો શેરો કરેલ છે જયારે સામાવાળા નં.૨ નાઓ તર્ફે વિ.એ.જી.પી. એન.પી.મહીડાનાઓએ હાજર રહી વાંધો લીધેલ છે.

(૨) આ કામે આરોપી સામેની સજાનો હુકમ તથા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૪૮ ની જોગવાઈ ધ્યાને લેતા તથા હાલના કેસની હકીકતો ધ્યાને લેતા એપેલેન્ટને યોગ્ય શરતોને આધીન અપીલ સમય દરમિયાન જામીન મુકત કરવાનુ ન્યાયોચિત જણાતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

<u>*––:હુ ક મ:––*</u>

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૩૦ મુજબ હાલની અરજી મંજુર કરવામાં આવે છે. અરજદાર/એપેલન્ટે નામદાર ટ્રાયલ કોર્ટે ફરમાવવામાં આવેલ વળતરની રકમ રૂા.૫,૧૨,૨૨૫/– ના ૨૦ ટકા રકમ રૂ.૧,૦૨,૪૪૫/–(અંકે રુપિયા એક લાખ બે હજાર ચારસો પિસ્તાળીસ પુરા) ડીપોઝીટ પેટે નાઝરશ્રી, જીલ્લા ન્યાયાલય આણંદ ખાતે દિન–૩૦ માં ભરવાની

શરતે તથા અરજદાર એપેલેન્ટે રૂા.૧૫,૦૦૦/– (અંકે રુપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરેથી તથા અપીલના કામે અરજદારે નિયમીત હાજર રહેવાની શરતે અરજદાર/એપેલન્ટને સદર કલમ હેઠળ જામીન મુકત કરવા હુકમ કરવામાં આવે છે તથા આ અપીલના આખરી નીકાલ સુધી ટાયલ કોર્ટે (આણંદના ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રીના ક્રીમી.કેસ નંબર:૭૨૧૩/૨૦૨૨, તા.૧૪/૦૭/૨૦૨૬ થી એન. આઈ. એકટની કલમ–૧૩૮ ના ગુનાના કામે) ફરમાવેલ કેદની સજાનો હુકમ મોકુફ રાખવા હુકમ કરવામાં આવે છે.

**૨)** અરજદાર/આરોપીએ જામીન અંગેની કાર્યવાહી અત્રેની અદાલત સમક્ષ કરવી.

**૩)** સદર હુકમની જાણ ટ્રાયલ કોર્ટને કરવી.

હુકમ આજ રોજ તારીખ ૧૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

તા:૧૭/૦૮/૨૦૨૬ (આર.બી.ગઢવી)

સ્થળ : આણંદ ચોથા એડીશ્નલ સેશન્સ જજ આણંદ

જજ કોડ જીજે ૦૧૦૬૭

*__ડી.જે.પટેલ__*

*__આસીસ્ટન્ટ__*